| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૯–૧૨–૨૦૧૬ | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૦૯–૧૨–૨૦૧૬ | | |
| ફેંસલ કર્યા તારીખ | ૨૦–૦૬–૨૦૨૩ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

**મહેરબાન એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૧માં,મું.અમદાવાદ**

**ફો.કેસ નં.૫૦૦૮૧૦૧/૨૦૧૬**

**આંક:–**

**ફરીયાદી:–** ગુજરાત સરકારશ્રી,
(મુળ ફરીયાદી: સુપ્રભાકૈર ડો./ઓ. ઈન્દ્રજીતસીંઘ સંધુ),

**વિરુઘ્ઘ**

**આરોપી:–** અજય સંસારસિંહ ચૌહાણ,(ઉ.વ.૪૧),
રહે. બી/૧૯, બાલકૃષ્ણ નગર, જનતા નગર પાસે, ચાંદખેડા,
અમદાવાદ.

**ગુનો:ઈ.પી.કોડની કલમ:૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭ મુજબ.**

| | |
|---|---|
| ફરીયાદ પક્ષે | વિદવાન એ.પી.પી.શ્રી વાય.કે.વ્યાસ |
| આરોપી પક્ષે | વિદવાન વકીલશ્રી પી.પી.પહાડીયા |

## –:: ચુ કા દો ::–

૧. ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ફરીયાદીને બિભત્સ ગાળો બોલી ફરીયાદીએ અગાઉ અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવેલ હોય જેમાં સમાધાન કરી લેવા દબાણ કરી અને સમાધાન ન કરે તો જાનથી મારી

નાંખવાની ધમકી આપી તથા આરોપીએ ફરીયાદીને ફોનથી પણ ધમકી આપી **ઈ.પી.કોડની કલમ:૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭** મુજબ ગુન્હો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ સરકારશ્રી તરફે મહિલા પોલીસ સ્ટેશન, અમદાવાદમાં નોંધાવતા, પોલીસ સ્ટેશનનાં અધિકારીએ ફરીયાદીની ફરીયાદ નોંધી, સદર ફરીયાદ તપાસ કરનાર અમલદારને સુપ્રત કર્યા બાદ, તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુધ્ધ ફરીયાદનાં અનુસંધાને યોગ્ય તપાસ કરતાં વ્યાજબી અને પુરતો પુરાવો જણાઈ આવતાં અત્રેની અદાલત સમક્ષ ચાર્જસીટ રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામનાં આરોપી કોર્ટમાં હાજર થતાં પોલીસ તપાસનાં કાગળો મળી ગયાની ખાતરી કરી આરોપી વિરુધ્ધ આંક–૦૯ થી તહોમતનામુ ફરમાવી, વાંચી સંભળાવી આંક–૧૦ થી પ્લી લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ન્યાયની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

**૩.** આ કામે ફરીયાદપક્ષ તરફે પોતાના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા:–**

| | | |
|---|---|---|
| ૧. | સાહેદ દેવેન્દ્રસિંઘ ઈન્દ્રજીતસિંઘ સંધુ ની સોંગદ પરની જુબાની | આંક–૧૨ |
| ૨. | સાહેદ ચાંદની દેવેન્દ્રસિંઘ સંધુની સોંગદ પરની જુબાની | આંક–૧૫ |

**દસ્તાવેજી પુરાવા:–**

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | આંક–૧૩ |
| ૨. | સમજુતી કરારની નકલ | આંક–૧૪ |

ત્યારબાદ ફરીયાદપક્ષે આંક–૧૬ થી કલોઝીંગ પુરસીસ આપી વધુ પુરાવો આપવા માંગતા ન હોવાનું જણાવેલ હોય ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

૪. સદર કામે ફરીયાદપક્ષનો પુરાવો રજુ થઈ જતાં વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાઈ આવતો હોય, આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં ફરીયાદપક્ષનો પુરાવો તેમની હાજરીમાં લેવાયેલની હકીકતનો સ્વીકાર કરેલ છે જયારે અન્ય તમામ હકીકતનો ઈનકાર કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફેનાં વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળી.

૫. ઉપરોકત સંજોગોમાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**– :: મુદ્દા :: –**

**:૧:** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરી શકે છે કે, આ કામનાં આરોપીએ ફરીયાદીને બિભત્સ ગાળો બોલી ફરીયાદીએ અગાઉ અડાલજ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવેલ હોય જેમાં સમાધાન કરી લેવા દબાણ કરી અને સમાધાન ન કરે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી તથા આરોપીએ ફરીયાદીને ફોનથી પણ ધમકી આપી **ઈ.પી.કોડની કલમ:૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**:૨:** શું હુકમ ?

૬. ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારાં નિર્ણય નીચે મુજબ આપવામાં આવે છે.

૧: નકારમાં,

૨: આખરી હુકમ મુજબ,

૭. ઉપરોકત જવાબ અંગેનાં કારણો નીચે મુજબ છે.

**–: કા ર ણો :–**

૮. **મુદા નં.૧ ચર્ચા :–**

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈએ તો આ કામનાં આરોપી સામે **ઈ.પી.કોડની કલમ:૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭** ગુન્હાનો આક્ષેપ છે. આ કામનાં આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો બોજો ફરીયાદપક્ષે રહેલ છે. ફરીયાદપક્ષે

રજુ થયેલ પુરાવાની હકીકત ધ્યાને લેવામાં આવે તો આ કામે ફરીયાદપક્ષે સૌ પ્રથમ સાહેદ દેવેન્દ્રસિંઘ ઈન્દ્રજીતસિંઘ સંધુ ને આંક–૧૨ થી સોંગદ ઉપર તપાસવામાં આવેલ છે. જે આ કામનાં મુળ ફરીયાદીનાં ભાઈ છે. તેમનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સદરહું ફરીયાદી તેમનાં પુરાવામાં જણાવે છેકે, ફરીયાદી સુપ્રભા કૌર મારી બહેન છે. તેણે આરોપી સાથે તકરારો હતી. જેથી તેણે મહીલા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી. કયાં બાબતની ફરીયાદ હતી તેની મને ખબર નથી. આંક–૧૩ થી રજુ થયેલ ફરીયાદમાં તેમની બહેનની સહી છે જે ઓળખી બતાવે છે. આમ, સદરહું સાહેદ આંક–૧૩ થી રજુ થયેલ ફરીયાદમાં મુળ ફરીયાદીની સહી સિવાય મહત્વની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષે હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે તેમજ વિ.એ.પી.પી.શ્રીએ પરવાનગીથી વિગતવારની ઉલટતપાસ કરતા ફરીયાદ મુજબની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષ ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં મે નિવેદન વાંચેલ નહી. પોલીસે મારુ માત્ર નામઠામ પુછેલું. મારી બહેન કાયમી વિદેશ રહેવા જતી રહેલ છે અને તે ભારત પરત ફરવાની નથી. આંક–૧૪ થી સમજુતી કરારની ઝેરોક્ષ નકલ રજુ થયેલ છે. જેમા મારી બહેન, આરોપી તથા મારી સહીઓ છે. સદરહું કેસમાં સમાધાન થઈ ગયેલ હોય તે મુજબની હકીકત સ્પષ્ટપણે સ્વીકાર કરતા હોય સાહેદનો મૌખિક પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ બનતો નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૫ થી સાહેદ ચાંદની દેવેન્દ્રસિંઘ સંધુનો મૌખિક પુરાવો રજુ થયેલ છે. જે આ કામનાં મુળ ફરીયાદીનાં ભાભી થાય છે. સદરહું સાહેદનો પુરાવો વંચાણે લેતા હાલનાં સાહેદ પણ ફરીયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન કરતા ન હોય હોસ્ટાઈલ જાહેર થયેલ છે. તેમજ પરવાનગીથી વિગતવારની ઉલટતપાસ કરતા ફરીયાદ મુજબની હકીકતને સમર્થન કરેલ નથી. તેમજ બચાવપક્ષની ઉલટતપાસમાં મુળ ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાનો સ્વીકાર કરેલ છે. વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૪ થી રજુ થયેલ સમજુતી કરારની ઝેરોક્ષ નકલ વંચાણે આરોપી તથા મુળ ફરીયાદી વચ્ચે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં આ ફરીયાદપક્ષે આંક–૧૬ થી કલોઝીંગ પુરસીસ આપવામાં આવેલ હોય, સદરહું કામે ઉપરોકત સાહેદો સિવાય અન્ય કોઈ સાહેદને રેકર્ડ ઉપર તપાસવામાં આવેલ નથી. જેથી ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી આ કામનાં આરોપીએ તહોમત મુજબનો ગુન્હો કરેલ

હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર લાવવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે તેમ મારુ નમ્રપણે માનવું છે. આમ, આ કામનાં આરોપીએ **ઈ.પી.કોડની કલમ:૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭** મુજબ સજાને પાત્ર ગુન્હો કરેલ છે તે સાબિત કરવામાં ફરીયાદપક્ષ સદતંર નિષ્ફળ રહેલ હોય, મુદદા નં.૧ નો મારો નિર્ણય 'નકારમાં ' આપી મુદદા નં.૨ પરત્વે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## –:: <u>આખરી હુકમ</u> ::–

– આ કામનાં આરોપી અજય સંસારસિંહ ચૌહાણ ને સી.આર.પી.સી. કલમ:૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કોડની કલમ:૨૯૪(ખ), ૫૦૬(૧), ૫૦૭** નાં ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

– ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૫૦૦૦/–(અંકે પાંચ હજાર પુરા)ની રકમનાં જામીન સહીતનો જાતમુચરકો રજુ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :૨૦/૦૬/૨૦૨૩
અમદાવાદ.

(મનીષ વી.ચૌહાણ)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૧, અમદાવાદ
જજ કોડ નં. જીજે૦૧૦૧૫.

**LALJI(P.A.)**